ગાંધીનગર મનપા ચૂંટણી સંદર્ભે 'પેજસમિતિ મહાસંપર્ક અભિયાન'

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજરોજ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ(વર્ચ્યુઅલ માધ્યમ)ની વિશેષ ઉપસ્થિતિમાં ઓડિટોરિયમ હોલ, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી ચૂંટણી સંદર્ભે 'પેજસમિતિ મહાસંપર્ક અભિયાન' કાર્યક્રમ યોજાયો હતો.

રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે તેમના સંબોધનની શરૂઆત પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીને તેમની જન્મજયંતિ નિમિત્તે સ્મરણાંજલિ પાઠવી કરી હતી અને જણાવ્યું હતું કે, પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીએ પોતાનું સમગ્ર જીવન રાષ્ટ્રને સમર્પિત કરી ડગ્યા વગર અડીખમ રીતે દેશહિતમાં જે કાર્ય કર્યું છે તે બદલ તેમના ચરણોમાં મસ્તક ઝુકાવી નમન કરું છું. તેમણે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીએ દેશને અનેક રાષ્ટ્રવાદી નેતાઓ અને કાર્યકર્તાઓની હારમાળા આપી છે. ભાજપાનો પ્રત્યેક કાર્યકર્તા આજે કદમ થી કદમ મિલાવી રાષ્ટ્રસેવાના કાર્યમાં લાગેલો છે. ગાંધીનગર મહાનગર ભાજપાની ટીમ અભૂતપૂર્વ જુસ્સા સાથે કાર્ય કરી રહી છે. કાર્યકર્તાઓનો ઉત્સાહ અને જનતાનો મૂડ જોતા સ્પષ્ટ લાગી રહ્યું છે કે મનપાની ચૂંટણીમાં ભાજપાના તમામ ઉમેદવારોનો વિજય નિશ્ચિત છે.

આ પ્રસંગે પ્રદેશ મહામંત્રીશ્રીઓ શ્રી રજનીભાઈ પટેલ, શ્રી પ્રદીપસિંહ વાઘેલા, મનપા ચૂંટણીના ઈન્ચાર્જશ્રીઓ પૂર્વ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શ્રી અમિત ઠાકરે પ્રાસંગિક ઉદબોધન કરીને વિવિધ સંગઠનાત્મક વિષયો અંગે ઉપસ્થિત સૌને વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્યસરકારના મંત્રીશ્રીઓ શ્રી ઋષિકેશ પટેલ, શ્રી કિરિટસિંહ રાણા, શ્રી રાઘવજી પટેલ, શ્રી અર્જુનસિંહ ચૌહાણ, પૂર્વ મંત્રીશશ્રી પ્રદીપસિંહ જાડેજા, મહાનગર ભાજપા સંગઠનના હોદ્દેદારો, સિનિયર અગ્રણીશ્રીઓ, પૂર્વ ધારાસભ્યો, ભાજપાના ઉમેદવારશ્રીઓ, અમદાવાદ શહેર અને ગાંધીનગર જિલ્લાના ભાજપ સંગઠનના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. મહાનગરના અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ આભારવિધિ મહાનગરના મહામંત્રીશ્રી ધરમેન્દ્રસિંહ વાઘેલાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મહાનગરના મહામંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ કર્યું હતું.

મનપાની ચૂંટણીમાં મતદાનના દિવસે તો વરસાદ વિલન નહિ બને ને ?

વરસાદની આગાહીને પગલે ગાંધીનગરની રાજકીય ગલિયારીઓમાં ધીમા દબાતા સ્વરે ચર્ચાઓ શરૂ થઈ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં વરસાદ વિલન તો નહિ બને ને ? તેને લઈ રાજકીય વર્તુળોમાં ચિંતા સાથે ચર્ચાઓ શરૂ થઈ છે.

બંગાળના મહાસાગરમાં ઉભી થયેલ લૉ પ્રેશર સિસ્ટમને કારણે ગુજરાત સહિતના રાજ્યોમાં વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં હાલ પાછોતરો વરસાદ સતત ઝાપટારૂપે વરસી રહ્યો છે અને આજે દાંતીવાડામાં સાંજના સુમારે બે કલાકમાં ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયાના અહેવાલો છે.

ગાંધીનગર મનપાની ચૂંટણીમાં પણ ચાલુ વરસાદમાં પલળીને પણ પ્રચાર કાર્ય કરતા ઉમેદવારોના ફોટા અખબારી પાનાઓમાં ચમકી ચુક્યા છે. કોરોના મહામારીને પગલે અને વાહકજન્ય રોગચાળાને આગળ કરી છ મહિનાના વિલંબ બાદ આ સામાન્ય ચૂંટણીઓ યોજાઈ રહી છે અને હવે વરસાદ જે રીતે પાછોતરો થઈ રહ્યો છે તેને લઈ પણ ચૂંટણીમાં વરસાદ વિલન નહિ બનેને તેવી ચર્ચાઓ શરૂ થઈ છે.

આમ તો ચૂંટણી પંચે કોરોનાની ગાઈડલાઈનના પાલન માટેની સૂચનાઓ આપેલી છે. પણ ચોમાસાનો વરસાદ આવશે તો આને કારણે ચૂંટણી પાછળ થનારો ખર્ચ પણ વધી શકે છે અને તેનુ સીધુ ભારણ ગાંધીનગર મનપા પર આવશે.

તંત્ર પણ હાલ આ ચોમાસાની સ્થિતિને લઈ અસમંજસતાની સ્થિતિ અનુભવી રહેલ છે. ગાંધીનગર જિલ્લો આમેય હજુ ચોમાસાની સિઝનના વરસાદની ૩૬ ટકાથી વધુ ઘટ ધરાવે છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ગાંધીનગર તાલુકામાં ૫૪.૧૩ ટકા જેટલો જ વરસાદ નોંધાયો છે. દહેગામમાં ૫૩.૩૬ ટકા, કલોલમાં ૮૫.૫૬ ટકા અને માણસામાં ૬૮.૨૫ ટકા વરસાદ નોંધાયો છે.

ગાંધીનગર તાલુકાને સંબંધ છે ત્યાં સુધી ગાંધીનગરમાં ચોમાસાની સિઝનમાં સરેરાશ ૭૧૫ મી.મી. વરસાદ નોંધાતો હોય છે. આજે સવારે ૬ વાગ્યા સુધીમાં ૩૮૭ મી.મી. જ વરસાદ નોંધાયો છે.

રાજકીય પક્ષોના કાર્યાલયો પર વૉટર પ્રુફીંગ મંડપો બાંધવામાં આવ્યા છે. મતદાનની આડે હવે એક સપ્તાહનો જ સમય બચ્યો છે ત્યારે સૌના મુખે એક જ સવાલ છે કે આ વરસાદ વિલન નહિ બને ને ? હાલ તો વરસાદ વિના કેટલુ મતદાન થશે અને વરસાદ હોય તો કેટલુ મતદાન થશે તેની અટકળો પણ પક્ષોમાં શરૂ થઈ છે. હાર-જીતની બાજી આ વિલન પલ્ટાવી નહિ દે ને તેને લઈ પણ ચર્ચાઓ ખૂણામાં દબાતા સ્વરોમાં થતી સાંભળવા મળી રહી છે.

ટી.પી. ૬ માં આંતરિક ગટરલાઈન વારંવાર ઉભરાતાં પ્રમુખ આર્કેડને નોટીસ ફટકારી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના ટી.પી. ૬ વિસ્તારમાં આવેલ પ્રમુખ આર્કેડ સોસાયટીના હોદ્દેદારોને વારંવાર ડ્રેનેજલાઈન ઉભરાવાની વાતને લઈ શહેરી વિકાસ સત્તામંડળે નોટીસ ફટકારી છે.

શહેરી વિકાસ સત્તામંડળના નાયબ કાર્યપાલક ઈજનેરે ફટકારેલી નોટીસમાં જણાવાયા મુજબ ઘણા સમયથી આપના બિલ્ડીંગના પાછળના ભાગે આવેલ આપની આંતરિક ડ્રેનેજ લાઈન સતત ઉભરાવાને કારણે જાહેર રસ્તા પર તથા સપ્તઋષી અને અક્ષર બંગ્લોઝ સોસાયટીના પ્રવેશ દ્વાર પાસે ગટરનું ગંદુ પાણી એકઠુ થવાની ફરિયાદો સતત મળી રહી છે. જેને લઈ નજીકની સોસાયટીના રહીશોના આરોગ્ય તેમજ દુર્ગંદ ફેલાવાના પ્રશ્નો ઉપસ્થિત થયા છે. ગુડાના જાહેર રસ્તાને પણ મોટા પ્રમાણમાં નુકશાન થઈ રહ્યુ છે.

તેમણે આ નોટીસ મળેથી તાત્કાલિક આંતરિક ગટરલાઈનનું રિપેરીંગ અને સફાઈનું કામ પૂર્ણ કરવા જણાવ્યુ છે. જો આમ નહિ કરવામાં આવે તો જાહેર સુખાકારી જોખમમાં મુકવા માટે આપની સામે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે તેવી સ્પષ્ટ ચેતવણી પણ આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ પાણીના નિકાલ તેમજ ગટરના પ્રશ્ને જે રીતે હરકતમાં આવેલ છે તે આગામી દિવસોમાં આ વિસ્તારમાં રોગચાળો પાણીજન્ય અને વાહકજન્ય વકરી શકે તેવા સ્પષ્ટ સંકેત આપે છે.

આ વિસ્તારના રહીશોની વારંવારની રજુઆત પછી પણ નક્કર કાર્યવાહી ઝડપથી હાથ ધરવામાં આવે તેવુ વસાહતીઓ ઈચ્છી રહ્યા છે.

શહેરના માર્ગોને ડામર પેઈન્ટીંગ શરૂ કરાયુ

ચ-૦ થી ચ-૨ વચ્ચેના માર્ગને ડામર પેઇન્ટીંગ કરવા તંત્રની ટીમ કામે લાગી

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન સેકટરોમાં અનેકવિધ સમસ્યાઓ આમ નાગરિકો માટે ત્રાસરૂપ બની છે. સેકટરોમાં ગદકી અને કચરાના ઢગ સાથે કાદવ કિચ્ચડ અને વરસાદી પાણીના ભરાવાથી ડગલે પગલે દુવિધાઓ અનુભવી રહ્યા છે. બીજીતરફ વરસાદી દિવસામાં માર્ગોની હાલત પણ ઉબડ ખાબડ બની છે. મોટાભાગના માર્ગો ખરબચડા બન્યા છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા માર્ગોનુ અસ્તિત્વ ટકાવી રાખવા માટે તેમજ તેને થતુ નુકશાન અટકાવવા માટે કેટલાક ઠેકાણે ડામર પેઈન્ટીંગ કરવામાં આવી રહ્યુ છે. શહેરના ચ-૦ થી ચ-૨ માર્ગ વચ્ચે આ પ્રકારે કામગીરી હાથ ધરવામાં આવી છે.

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી બંધ છે. વરસાદી દિવસોના અંતે માર્ગોના રીસરફેસીંગની કામગીરી શરૂ કરાશે સતત વરસાદના લીધે શહેરના માર્ગોનુ પણ ધોવાણ થયુ છે. સેકટરોના આંતરિક માર્ગો તેમજ મુખ્યમાર્ગો ઉપર પણ વરસાદના લીધે પેચીસ પડી ગયા છે. ત્યારે વરસાદી દિવસામાં

● અનુસંધાન પાન-૭ પર

મનપાની ચૂંટણીને લઈ આજે ૩૧૦૦ વધુ પ્રચાર સાહિત્ય દૂર કરાયુ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના દિવસો જેમ જેમ નજીક આવી રહ્યા છે તેમ તેમ રાજકીય પક્ષોએ તેમના પ્રચાર અભિયાનને આક્રમક બનાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આદર્શ આચારસંહિતાના અમલને લઈ તંત્રએ આજે ૩૫૧ પોસ્ટર, ૯૫ પડદા-બેનર તેમજ ૧૮૯૭ જેટલી અન્ય પ્રચારના સાધનોને દૂર કર્યા છે. તંત્રએ આજે એક જ દિવસમાં ૩૧૪૭ જેટલા પડદા-પોષ્ટર બેનરો દૂર કર્યા હતા. મોડી સાંજ સુધી તંત્ર દ્વારા આ કામગીરી ચાલી રહી હતી.

બીજી તરફ આમ આદમી પાર્ટીએ તેમના જ પક્ષને નિશાન બનાવી ઝંડીઓ અને બેનરો દૂર કરવામાં આવી રહ્યાનો આક્ષેપ કર્યો છે.

જો કે શહેરમાં જાહેર સ્થાનો પર બેનરો, ધ્વજ, તેમજ પોષ્ટરો સાંજે પણ લગાવેલા જ જોવા મળ્યા હતા. તંત્ર દ્વારા હાલ ૮ જેટલી ટીમો દ્વારા આ કામગીરી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળેલ છે.

બધા પક્ષો દ્વારા આક્રમક પ્રચારની વ્યુહરચના અપનાવી હોવાથી તંત્રની કામગીરી પણ વધી જવા પામી છે. આદર્શ આચારસંહિતા ભંગની એક ફરિયાદને બાદ કરતાં કોઈ ખાસ ફરિયાદો તંત્રને મળી નથી તેમ જાણવા મળેલ છે.

સરકારી મિલ્કતો પર પ્રચાર સાહિત્ય ન લગાવો; સહયોગ કરો : કલેક્ટર

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં રાજકીય પક્ષોને સરકારી મિલ્કતો પર તેમના પ્રચાર સાહિત્યને નહિ લગાવવા માટે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ તાકીદ કરી છે.

રાજકીય પક્ષો સાથેની બેઠક દરમ્યાન તેમણે આ વાત કહી હતી. કલેક્ટરે રાજકીય પક્ષોના આગેવાનોને આચારસંહિતાના અમલમાં સૌનો સહયોગ જરૂરી હોવાનું કહી જણાવ્યું હતું કે ના છૂટકે અમારે કાયદાકીય કાર્યવાહી કરવી પડે તેના કરતાં બધા જ સહયોગ આપે.

તેમણે કહ્યુ હતુ કે સિંગલ વિન્ડો સિસ્ટમ રજાના દિવસોમાં પણ કાર્યરત રહેશે એટલે તંત્રને ચૂંટણીની તૈયારીમાં દખલ ના થાય તે વાતનું પણ સૌએ ધ્યાન રાખવુ જોઈએ. જિલ્લા કલેક્ટરે પ્રચાર અભિયાનમાં સરકારી મિલ્કતો પર પોસ્ટર, બેનર કે અન્ય સાહિત્ય ના ચીપકાવીએ. ખાનગી મિલ્કતો પર મિલ્કતધારકની મંજૂરી લેવી એટલી જ જરૂરી છે.

આ બેઠકમાં ૬ થી ૭ સૂચનો પર ચર્ચાઓ કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. આ બેઠકમાં પણ પક્ષોએ તંત્ર દ્વારા વિપક્ષોને જ નિશાના પર લેવામાં આવતા હોવાનો સૂર વ્યક્ત કર્યો હતો.

રાજ્યમાં કોરોનાના નવા ૧૬ કેસ

ગાંધીનગર, તા.૨૫

રાજ્યમાં કોરોનાના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આજે રાજ્યમાં ૧૬ નવા કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૧૨ દર્દીઓ રિકવર પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૫,૫૯૯ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર ૯૮.૭૬ પર પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. ૫,૦૫,૬૭૧ રસીના ડોઝ એક જ દિવસમાં અપાયા છે. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૧૪૯ કોરોનાના કેસ છે. જે પૈકી ૩ વેન્ટીલેટર પર છે. જ્યારે ૧૪૬ સ્ટેબલ છે.

૮,૧૫,૫૯૯ નાગરિકો અત્યાર સુધીમાં ડીસ્ચાર્જ થઈ ચુક્યા છે. ૧૦૦૮૨ નાગરિકોના અત્યાર સુધી કોરોનાને કારણે મોત થઈ ચુક્યા છે. જો કે કોરોનાને કારણે આજે એક પણ નાગરિકનું મોત નથી થયું. જે રાજ્ય માટે રાહતના સમાચાર ગણાવી શકાય.

રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર્સ પૈકી ૧૩ને પ્રથમ ડોઝ અને ૨૫૬૯ કર્મચારીને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે.

જોઈએ છે

સેક્ટર-૨ અથવા સેક્ટર-૩માં ૯૦ ચો.મી.વાળું કોમન અથવા કોર્નર સાઈડવાળું મકાન વેચાણથી જોઈએ છે. દલાલભાઈઓ માફ કરશો.

મો. : ૯૪૦૯૪ ૪૦૨૮૩

લગ્ન વિષયક

કુંવારા વેલસેટ બ્રાહ્મણ યુવક ૧૯૭૯ અન્ડર ગ્રેજ્યુએટ, ગાંધીનગર માટે ઉચ્ચ જ્ઞાતિની યુવતીઓ આવકાર્ય

મો. ૮૮૪૯૬ ૯૦૩૮૭

અમે રાજકારણનો 'ર' નહીં, પણ કામનો 'ક' જાણીએ છીએ : ઈશુદાન ગઢવી

આમ આદમી પાર્ટી ગાંધીનગરમાં બહુમતી સાથે મેયર બનાવશે તેવો ઈશુદાન ગઢવીનો દાવો : ગાંધીનગરની જનતા ભાજપ-કોંગ્રેસનો વિકલ્પ શોધી રહી હતી જે 'આપ' પાર્ટીમાં મળ્યો છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં ચૂંટણીનો માહોલ ખૂબ જ ગરમાયો છે. શહેરમાં પહેલીવાર ચૂંટણી લડી રહેલી આમ આમી પાર્ટી ભાજપ-કોંગ્રેસને ચિંતા કરાવી રહી છે. આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતાઓ ગાંધીનગરમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. આપના પ્રદેશ નેતા ઈશુદાન સાથે આજે ગાંધીનગર સમાચારે ખાસ વાતચીત કરતા ઈશુદાન ગઢવીએ જણાવ્યું હતું કે "અમે રાજકારણનો 'ર' જાણતાં નથી પરંતુ કામનો 'ક' જાણીએ છીએ. દરેક વ્યક્તિએ રાજકારણમાં વિઝન સાથે આવવું જોઈએ. ઈશુદાન ગઢવીએ દરેક પ્રશ્નોના વિગતવાર જવાબ આપ્યાં હતા.

પ્રશ્ન : આપ પાર્ટી પહેલીવાર ગાંધીનગરમાં આવી છે તો કેવો પ્રતિસાદ મળે છે ?

ઈશુદાન : ગાંધીનગરમાં આમ આદમી પાર્ટી પહેલીવાર ચૂંટણી લડી રહી છે, રાજ્યમાં આઠ માસથી જ પાર્ટી કામ કરી રહી છે અને અમારી પાર્ટી કામને લઈને નીકળનારી પાર્ટી છે, અમારા કાર્યકરો મિશન લઈને નિકળ્યા છે એટલે અમારો એક કાર્યકર્તા સામેની પાર્ટીના સો કાર્યકર્તાને ભારે પડશે. અમે સેવાથી ચાલીએ છીએ અને ગેરન્ટી આપીએ છીએ એના કારણે ખૂબ સારો રિસ્પોન્સ મળી રહ્યો છે, નાગરિકો સામેથી જણાવે છે કે અમને ભાજપ-કોંગ્રેસ સિવાયનો વિકલ્પ જોઈતો હતો.

પ્રશ્ન : સુરત અને ગાંધીનગરમાં ફર્ક છે, અહીં કયા પડકાર છે ?

ઈશુદાન : ગાંધીનર કર્મચારી નગર છે, કર્મચારી શાસક આજે કામ કરતો હોય, નોકરી કરતો હોય એટલે સ્વાભાવિક રીતે ખુલીને બહાર ના આવે, પરંતુ જ્યારે અમે ડોર-ટુ-ડોર પ્રચાર કરીએ છીએ ત્યારે તેઓ તેમની વ્યથા જણાવે છે. અમારા કાર્યકરો કહે છે કે અમને અહીં સુરત કરતાં પણ વધુ સારો માહોલ જોવા મળી રહ્યો છે અને અહીં નાગરિકો ભાજપ-કોંગ્રેસ બન્નેથી કંટાળેલા છે.

પ્રશ્ન : ગાંધીનગર મનપા પાસે મર્યાદિત સત્તા છે તો વચનો કેવી રીતે પુરા કરશો ?

ઈશુદાન : અમે જે ગેરન્ટી કાર્ડ આપ્યું છે તે કોર્પોરેશનની સભામાં આપના કાર્યો અંતર્ગત જે આપ્યાં છે, અમે અમારા વચનો પુરાં કરવા રાજ્ય સરકારના શિક્ષણમંત્રી કે આરોગ્ય મંત્રીનો ઘેરાવ કરતા અટકીશું નહી. દિલ્હીમાં પણ મર્યાદિત સત્તામાં અમારી પાર્ટીએ કાર્યો કરી બતાવ્યાં છે. ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારોમાં રોડ રસ્તા બિસ્માર છે, સરકારી શાળાઓનું નવીનીકરણ જરૂરી છે. આરોગ્ય કેન્દ્રોમાં સારવાર-ટેસ્ટ મફત કરાવીશુ જે બધુ થઈ શકે તેમ છે. માત્ર કરવાની દાનત જોઈએ જે અમારી પાસે છે. અમે ગાંધીનગરમાં કામ કરીને વિધાનસભામાં ગાંધીનગર મોડેલ રજુ કરીશું.

પ્રશ્ન : ગાંધીનગરમાં નિવૃત્ત પેન્શનર્સ રાહિતાના વડીલો માટે શું આપશો ?

ઈશુદાન : ગાંધીનગરમાં નિવૃત્ત વડીલોને ઘરે બેંઠા દર બે મહિને ફ્રી હેલ્થ ચેકઅપ કરીશુ. ગાંધીનગરના ગ્રામીણ વિસ્તારના વડીલો માટે ગાર્ડન, આરોગ્ય વિષયક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સુવિધા પુરી પાડીશુ, રંગમંચના આયોજનમાં ૫૦ ટકાની રાહત આપીશુ, સીટી બસમાં મફત મુસાફરી આપીશું. માત્ર વડીલો જ નહી મહિલાઓ-વિદ્યાર્થીઓને પણ આપીશુ.

પ્રશ્ન : આ બધુ મફત આપશો તેની કોર્પોરેશનના બજેટ પર અસર પડશે ?

ઈશુદાન : કોઈ અસર ના પડે, અમે ભ્રષ્ટાચાર નાબુદ કરીશુ એટલે દરેક કાર્યોની લાગત ઘટી જશે, દિલ્હીમાં ૪૦૦ કરોડનો બ્રિજ માત્ર ૨૮૦ કરોડમાં તૈયાર કર્યો, ૧૨૦ કરોડ બચાવ્યાં જેમાં થોડા ઉમેરી મહિલાઓ માટે મુસાફરી મફત કરી, પ્રજા ટેક્સ ભરે છે તો પ્રજાને હાલાકી ના પડવી જોઈએ. અમે સામાજિક આગેવાનોની કમિટી બનાવી તેમના સૂચનો મેળવીશુ. અમે ખોટા ખર્ચા બંધ કરીશુ.

પ્રશ્ન : આપમાં યુવા ઉમેદવારો છે, અનુભવની કમી નડશે ?

ઈશુદાન : અમારા યુવાન ઉમેદવારો છે જેઓ શિક્ષિક છે. ઉમેદવારો સારા છે, અને અમારી પાર્ટી તો ઉમેદવારોની જ પાર્ટી છે. નાગરિકો આમ આદમી પાર્ટીના મિશનને જોઈ રહ્યાં છે.

પ્રશ્ન : ચૂંટણીમાં અનેક કાવાદાવા થશે ત્યારે કેવી રીતે પડકાર આપશો ?

ઈશુદાન : અમારી સાથે શિક્ષિત, સમજુ અને જવાબદાર નાગરિકો જોડાઈ રહ્યાં છે. ભાજપની નીતિ છે કે તે કાવતરાં કરશે પરંતુ અમે સત્તા માટે નથી આવ્યાં, જવાબદારી ઉપાડવા આવ્યા છીએ. પણ અમે સંયમ રાખીને અમારી વાત રજુ કરીશુ.

પ્રશ્ન : આપને કેટલી બેઠકો મળવાની આશા છે ?

ઈશુદાન : આમ આદમી પાર્ટી ના હોત તો ગાંધીનગરમાં ૩૫ ટકા વોટીંગ ના થાત પરંતુ હવે મતદારોમાં જોશ આવ્યો છે, મતદારો ભાજપ-કોંગ્રેસનો વિકલ્પ શોધી રહ્યાં હતા. પહેલા ભાજપના વિકલ્પે કોંગ્રેસને વોટ આપતા હતા પરંતુ કોંગ્રેસના ઉમેદવારો વેચાઈ જાય છે તેથી હવે આપને વોટ આપશે અને અમે બહુમતી મેળવીશુ.

પ્રશ્ન : રાજનીતિમાં તમે શું બદલાવ લાવવા માંગો છો ?

ઈશુદાન : રાજનીતિમાં અત્યાર સુધી ધર્મ-જાતિ આધારિત માત્ર મત માંગવાની વાત થતી હતી જ્યારે અમે જવાબદારી ઉઠાવવાની વાત કરીશુ, અમે શિક્ષણ-સુવિધા આપીશુ. મતની કિંમત દારૂની પોટલી નથી તે પ્રજાને સમજાવીશુ. આમ આદમી પાર્ટી જનતાને માલિક બનાવવા આવી છે.

ભાજપ સૌથી વધુ હિન્દુ વિરોધી પાર્ટી છે : ઈશુદાન

હિન્દુત્વ અંગેના સવાલ પર જવાબ આપતા ઈશુદાન ગઢવીએ જણાવ્યુ હતુ કે ભાજપ સૌથી વધુ હિન્દુ વિરોધી છે, નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં ૧૨૦ મંદિરો તોડ્યાં હતા, સુરતમાં ભાજપે હમણાં રામાપીરનું મંદિર તોડી નાંખ્યુ જે અમે ફરી બનાવવાના છીએ. ભાજપ કોંગ્રેસની જેમ ઔવેસીનો ઉપયોગ કરે છે, જે રાજ્યમાં ભાજપને જરૂર હોય ત્યાં ઓવેસી તેના ઉમેદવારો ઉભા રાખે છે.

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com